<u>શ્રી એ.એસ.પાંડે, ન્યાયાધીશ, મજુર અદાલત નં.૨, ભરૂચ સમક્ષ</u>

<u>ટી અરજી નં. ૪/૨૦૧૪</u>
<u>આંક–૨૦</u>

<u>અરજદાર</u> : **અશોકભાઈ નટવરભાઈ પટેલ,**
મુ.પો. કંટવા, તા.માંગરોલ, જી.સુરત

વિરૂધ્ધ

<u>સામાવાળા</u> : **મેનેજીંગ ડીરેકટરશ્રી,**
શ્રી ખેડુત સહકારી ખાંડ ઉદ્યોગ મંડળી લિ.,
મુ.પંડવાઈ, તા.હાંસોટ, જી.ભરૂચ

<u>પ્રતિનિધિત્વ</u> : અરજદાર તરફે– વિ.વ.શ્રી મો.આસીફ આઈ.શેખ
સામાવાળા તરફે – ડી.સી.ગાંધી એસોસીએટસ

<u>ખાતાકીય તપાસની કાયદેસરતા બાબતના પ્રાથમિક મુદ્દા અન્વયે હુકમ</u>

(૧) સદર કામના અરજદારે આંક–૧ થી અરજી રજુ કરેલ છે. સામાવાળાએ આંક–૧૦ થી અરજદારની અરજી વિરૂધ્ધ લેખિત જવાબ રજુ કરેલ છે.

(૨) અરજદારે આંક–૧૩ થી ખાતાકીય તપાસની કાયદેસરતાના મુદ્દે એફીડેવીટ ઉપર સરતપાસ રજુ કરેલ. જેની ઉલટ તપાસ સામાવાળા તર્ફે વિ.વ.શ્રી ધ્વારા લેવામાં આવેલ.

(૩) હાલના કામે અરજદારે આંક–૧૩ થી ખાતાકીય તપાસની કાયદેસરતાના મુદ્દે સોગંદ પર જુબાની રજુ કરી જણાવેલ છે કે, અરજદાર સામાવાળા સંસ્થામાં તા.૦૧/૧૦/૧૯૯૯ ના રોજથી નોકરીની ફરજો ખૂબ જ ખંત અને વફાદારીપૂર્વક કટીંગ સુપરવાઈઝર તરીકે બજાવતા આવેલ. હાલનો પુરાવો ફકત ખાતાકીય તપાસની કાયદેસરતા બાબતે રજુ છે. તેમની વિરૂધ્ધ કરવામાં આવેલ ખાતાકીય તપાસ કાયદા અને કુદરતી ન્યાયના સિધ્ધાંત વિરૂધ્ધની છે. સંસ્થાએ ખોટા કારણોસર તા.૦૯/૦૨/૨૦૧૧ ના રોજની કારણદર્શક નોટીસ કમ ચાર્જશીટ આપેલ. જેનો ખુલાસો આપતાં પહેલાં જ ખાતાકીય તપાસ અધિકારી તરીકે રાજુભાઈ ત્રિવેદીની નિમણૂંક કરેલ. સામાવાળા સંસ્થા ધ્વારા અરજદારે જે જે પત્ર વ્યવહાર કરેલ અને માંગણીઓ કરેલ તે ધ્યાનમાં લીધેલ નહીં

અને માંગ્યા મુજબના પુરાવાઓ આપેલ નહીં અને ગેરકાયદેસર રીતે ખાતાકીય તપાસ ચલાવેલ. અરજદારે હાલની અરજી દાખલ કર્યા બાદ સંસ્થાએ આંક–૧૧ ના લીસ્ટથી દસ્તાવેજી પુરાવાઓ રજુ કરેલ તેમાં નિ.૧૧/૧ ના દસ્તાવેજો કોર્ટમાં રજુ થયા બાદ જોતાં તે દસ્તાવેજોમાં કુલ ૭ મુદતમાં તપાસની કાર્યવાહી થયેલ હોવાનું ખુલે છે જેમાં તા.૨૪/૦૨/૧૧, તા.૧૬/૦૩/૧૧, તા.૦૧/૦૪/૧૧, તા.૧૬/૦૪/૧૧, તા.૨૮/૦૪/૧૧, તા.૧૩/૦૫/૧૧ અને તા.૨૦/૦૬/૧૧ ના રોજ તપાસ કરેલ હોવાનું કોર્ટમાં રજુ થયેલ દસ્તાવેજો આધારીત સૌપ્રથમવાર જણાય છે. સદરહુ સાત મુદતની તપાસની કાર્યવાહી રાજુભાઈ ત્રિવેદીએ કરેલ તેવા ખાતાકીય તપાસના કોઈપણ દસ્તાવેજો એટલે કે તપાસની કાર્યવાહીના લખાણના કાગળો તેઓને આ અગાઉ કહેવાતી ચાલુ તપાસ દરમ્યાન સંસ્થાએ તેઓને મોકલેલ નથી. સંસ્થાએ કરેલ પત્ર વ્યવહારની સાથે નિ.૨૨/૧ ની સાત મુદતની તપાસની કાર્યવાહીની નોંધની નકલો તથા કોઈ દસ્તાવેજો અરજદારને મોકલેલ નથી. આમ ખાતાકીય તપાસની કાર્યવાહી કાયદા અને કુદરતી ન્યાયના સિધ્ધાંત વિરૂધ્ધ જઈ એકતરફી રીતે કરવામાં આવેલ છે. ખાતાકીય તપાસ અધિકારીએ કનુભાઈ, ઉમેદભાઈ પટેલ, હર્ષદભાઈ ના નિવેદનો કહેવાતી તપાસ દરમ્યાન નોંધવામાં આવેલ તે નિવેદનોની કોઈ નકલો કે તે નિવેદનો આધારીત ઉલટ તપાસની કોઈ તક આપવામાં આવેલ નથી. જો નિવેદનોની નકલો તેઓને મોકલવામાં આવેલ ન હોય તો તેની ઉલટ તપાસ તેઓને કરવાની ખબર પડે નહીં. આમ તપાસ દરમ્યાન સાક્ષીઓની ઉલટ તપાસની વ્યાજબી અને પુરતી તકો અરજદારને આપવામાં આવેલ નથી. સંસ્થાએ રજુ કરેલ દસ્તાવેજોની નકલો પત્ર વ્યવહારની સાથે પણ અરજદારને આપવામાં આવેલ નથી. અરજદાર વિરૂધ્ધ કરવામાં આવેલ ખાતાકીય તપાસમાં સાક્ષીઓ રજુ કરવાની કે નિવેદન રજુ કરવાની કોઈ તક આપેલ નથી. આમ સમગ્ર ખાતાકીય તપાસ એકતરફી રીતે કાયદા અને કુદરતી ન્યાયના સિધ્ધાંત વિરૂધ્ધ જઈ તેમજ મોડલ સ્ટેન્ડીંગ ઓર્ડરની જોગવાઈઓની વિરૂધ્ધ જઈ કરવામાં આવેલ છે તેમ અરજદારે સોગંદ ઉપરની સરતપાસમાં જણાવેલ છે.

(૪) <u>પક્ષકારોના પુરાવાઓ</u>

આ કામે અરજદાર તથા સામાવાળા તર્ફે ખાતાકીય તપાસની કાર્યવાહીની પ્રક્રિયાની કાયદેસરતાના મુદ્દે નીચે મુજબનાં મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજુ કરવામાં આવેલ છે.

(૪.૧) અરજદાર તર્ફે રજુ થયેલ પુરાવાઓ:-

-:મૌખિક પુરાવા:-

ક્રમ	આંક/ નિશાની	પુરાવાની વિગત
૧	આંક-૧૩	બીજા પક્ષકાર અશોકભાઈ નટવરભાઈ પટેલની ખાતાકીય તપાસની કાયદેસરતાનાં મુદ્દે તા.૨૪/૦૮/૨૦૨૨ નાં રોજની સોગંદ પર જુબાની

-:દસ્તાવેજી પુરાવા:-

ક્રમ	આંક/ નિશાની	પુરાવાની વિગત
૧	આંક-૧૬	અરજદાર તર્ફે ખાતાકીય તપાસની કાયદેસરતા બાબતે મૌખિક પુરાવા રજુ કરવા નથી તે અંગેની પુરશીશ

(૪.૨) સામાવાળા તર્ફે રજુ થયેલ પુરાવાઓ:-

-:દસ્તાવેજી પુરાવા:-

ક્રમ	આંક/ નિશાની	પુરાવાની વિગત
૧	નિ.૧૧/૧	ખાતાકીય તપાસની કાર્યવાહી તથા તેમાં રજુ થયેલ આંક-૧ થી આંક-૪૬ સુધીના દસ્તાવેજી પુરાવાઓ સહિતના પેપર્સની પ્રમાણિત ઝેરોક્ષ નકલો.
૨	નિ.૧૧/૨	અરજદાર સામે ખાતાકીય તપાસની કાર્યવાહી બાદ ખાતાકીય તપાસ અધિકારી તરફથી સામાવાળાને સુપ્રત કરેલ ખાતાકીય તપાસનો અહેવાલ તથા તારણોના પેપર્સની પ્રમાણિત ઝેરોક્ષ નકલ
૩	નિ.૧૧/૩	અરજદારને તા.૨૦/૦૪/૨૦૧૨ ના રોજના આરપીએડી પત્રથી આપેલ

		બીજી કારણદર્શક નોટીસ તથા તે મળ્યા અંગે રજી. એડીની સ્લીપની પ્રમાણિત ઝેરોક્ષ નકલ
૪	નિ.૧૧/૪	અરજદારને તા.૨૭/૦૪/૨૦૧૨ ના રોજના આરપીએડી પત્રથી આપેલ બીજી કારણદર્શક નોટીસ તથા તે મળ્યા અંગે રજી. એડીની સ્લીપની પ્રમાણિત ઝેરોક્ષ નકલ
૫	નિ.૧૧/૫	અરજદાર તરફથી સામાવાળાને તા.૦૩/૦૫/૨૦૧૨ ના રોજ લખેલ પત્રની પ્રમાણિત ઝેરોક્ષ નકલ
૬	નિ.૧૧/૬	અરજદારને તા.૦૪/૦૫/૨૦૧૨ ના રોજના આરપીએડી પત્રથી આપેલ બીજી કારણદર્શક નોટીસની પ્રમાણિત ઝેરોક્ષ નકલ
૭	નિ.૧૧/૭	ગુજરાત રાજ્ય સહકારી મંડળી કર્મચારી સંઘ-પેટલાદ તરફથી સામાવાળાને તા.૦૪/૦૫/૨૦૧૨ ના રોજ લખેલ પત્રની પ્રમાણિત ઝેરોક્ષ નકલ
૮	નિ.૧૧/૮	અરજદાર તરફથી સામાવાળાને તા.૧૪/૦૫/૨૦૧૨ ના રોજ લખેલ પત્રની પ્રમાણિત ઝેરોક્ષ નકલ
૯	નિ.૧૧/૯	અરજદાર તરફથી સામાવાળાને તા.૨૩/૧૦/૨૦૧૨ ના રોજ લખેલ પત્રની પ્રમાણિત ઝેરોક્ષ નકલ
૧૦	નિ.૧૧/૧૦	સામાવાળા તરફથી અરજદારને તા.૧૫/૧૧/૨૦૧૨ ના રોજ લખેલ આરપીએડી પત્રની પ્રમાણિત ઝેરોક્ષ નકલ
૧૧	નિ.૧૧/૧૧	સામાવાળા તરફથી અરજદારને તા.૨૦/૧૨/૨૦૧૩ ના રોજના આરપીએડી પત્રથી તેમને નોકરીમાંથી છુટા કરવા માટે આપેલ હુકમની પ્રમાણિત ઝેરોક્ષ નકલ
૧૨	નિ.૧૧/૧૨	સામાવાળા તરફથી ઉપરોકત ક્રમ ૧૧ માં જણાવેલ હુકમ અરજદારને મળી ગયા અંગેની પોષ્ટ ખાતાની આરપીએડી સ્લીપની પ્રમાણિત ઝેરોક્ષ નકલ
૧૩	આંક-૧૮	સામાવાળા તર્ફે અરજદારની ખાતાકીય તપાસની કાયદેસરતાના મુદ્દા પર મૌખિક પુરાવો લેવાનો રહેતો નથી તે અંગેની પુરશીશ.

(૫) <u>પક્ષકારોની દલીલો</u>

(૫.૧) અરજદારની દલીલો:-

સદર કામે અરજદાર તર્ફે વિ.વ.શ્રી આસીફ શેખે દલીલ કરી જણાવેલ છે કે, ખાતાકીય તપાસની કાર્યવાહીમાં તેઓને બચાવ માટે કુદરતી ન્યાયના સિધ્ધાંત મુજબ વ્યાજબી અને પુરતી તક આપવામાં આવેલ નથી. ખાતાકીય તપાસની કાર્યવાહીમાં

તેમને અસરકારક બચાવ કરતા તપાસ અધિકારીશ્રી દ્વારા જાણીબુઝીને અટકાવવામાં આવેલ છે. ખાતાકીય તપાસના દસ્તાવેજ જોતાં ખાતાકીય તપાસ એકતરફી ચલાવવામાં આવેલ છે તે સ્પષ્ટ જણાઈ આવે છે તથા ખાતાકીય તપાસની કાર્યવાહી અરજદારની ગેરહાજરીમાં ચલાવવામાં આવેલ છે. ખાતાકીય તપાસમાં ૩ જેટલા સાક્ષીઓના નિવેદનો લેવામાં આવેલ. જેઓની ઉલટ તપાસ કરવાની તક આપવામાં આવેલ નથી. ખાતાકીય તપાસ તા.૨૪/૦૨/૨૦૧૧ ના રોજ ચાલુ કરી તા.૨૦/૦૬/૨૦૧૧ ના રોજ પૂર્ણ કરવામાં આવેલી. ખાતાકીય તપાસમાં લેવાયેલ નિવેદનો અને પ્રોસીડીંગની નકલ અરજદારને બાય પોષ્ટ પણ મોકલવામાં આવેલ નથી. પ્રોસીડીંગની નકલો પણ આપવામાં આવેલ નથી. નામ.સુપ્રિમ કોર્ટે ખાતાકીય તપાસની ગેરકાયદેસરતા બાબતે જણાવેલ છે કે, કામદારની ગેરહાજરીમાં ચાલેલી તપાસ કુદરતી ન્યાયના સિધ્ધાંત વિરૂધ્ધની છે. અરજદારને તેમના બચાવમાં સાક્ષી પુરાવા રજુ કરવા પૂરતી અને વ્યાજબી તક આપેલી નથી. જેથી તેમની સામે હાથ ધરવામાં આવેલ ખાતાકીય તપાસની કાર્યવાહી તદ્દન ગેરકાયદેસર અને કુદરતી ન્યાયનાં સિધ્ધાંત વિરૂધ્ધની છે. જે તમામ સંજોગોમાં અરજદાર સામે હાથ ધરવામાં આવેલી ખાતાકીય તપાસની કાર્યવાહી ગેરકાયદેસર અને કુદરતી ન્યાયનાં સિધ્ધાંત વિરૂધ્ધની ઠરાવવા દલીલ કરેલ છે.

(૫.૨) સામાવાળાની દલીલો :-

આ કામે સામાવાળા સંસ્થા તર્ફે વકીલશ્રી મિલનભાઈ દવેએ દલીલ કરી જણાવેલ છે કે, કામદારને આપવામાં આવેલ ચાર્જસીટ તેઓએ સ્વીકારેલ છે. બીજા પક્ષકાર વિરૂધ્ધ કરવામાં આવેલ ખાતાકીય તપાસનાં તમામ કાગળો નિશાની-૧૧/૧ થી રજુ છે. અરજદારની જે ઉલટ તપાસ કરવામાં આવી છે તેને દલીલ ગણવા અરજ કરેલ છે. અરજદાર ઈન્કવાયરીમાં ગેરહાજર રહેતા હતા, અરજદારને ખાતાકીય તપાસ દરમ્યાન તકો આપવામાં આવેલ છે. અરજદારને ખાતાકીય તપાસમાં હાજર રહેવા આરપીએડી થી જાણ કરવામાં આવેલી, પરંતુ અરજદાર ખાતાકીય તપાસમાં હાજર રહેલ નહતા. અરજદારને કારણદર્શક નોટીસ તથા ચાર્જશીટની નકલ મોકલેલ હતી. અરજદારને તેમની ખાતાકીય તપાસમાં કુલ ૭ મુદત આપવામાં આવેલ. અરજદારે ઉલટ તપાસમાં સ્વીકારેલ

છે કે તેઓ પોતે તપાસમાં હાજર રહેલ નથી. સામાવાળા સંસ્થા સહકારી મંડળી હોય અરજદાર કામદારની અનિયમિતતા તથા ઉપલા અધિકારીનાં હુકમની અવગણના કરેલ હોય તેમજ અરજદાર ખાતાકીય તપાસમાં સતત ગેરહાજર રહેતાં ખાતાકીય તપાસ પુરી જાહેર કરેલ અને તપાસનું પ્રોસીડીંગ્સ ટપાલથી મોકલવામાં આવેલ છે. જેથી અરજદારને બચાવની પુરતી અને ન્યાયી તક આપી ખાતાકીય તપાસ હાથ ધરવામાં આવેલ હોય, અરજદાર વિરૂધ્ધ કરેલ ખાતાકીય તપાસ કુદરતી ન્યાયના સિધ્ધાંત મુજબની ઠરાવવા દલીલ કરેલ છે.

(૬) અરજદારની અરજી, સામાવાળાનો જવાબ તેમજ બંને પક્ષકારો તરફે રજુ થયેલ પુરાવાઓ તથા બન્ને પક્ષકારોનાં વિ.વ.શ્રીઓની દલીલો ધ્યાને આ કામે લેતાં ખાતાકીય તપાસની કાર્યવાહીની પ્રક્રિયાની કાયદેસરતા પુરતુ અરજીના નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ કાઢવામાં આવેલ.

-:- <u>પ્રાથમિક મુદ્દા</u> -:-

(૧) સામાવાળા ધ્વારા અરજદારની કરેલ ખાતાકીય તપાસની કાયદેસરતા ન્યાયી, વ્યાજબી અને કુદરતી ન્યાયના સિધ્ધાંત મુજબની છે કે કેમ?

(૨) શું હુકમ?

(૭) ઉપરોકત મુદ્દાઓના મારા જવાબ નીચે મુજબ છે.

(૧) **હકારમાં**

(૨) આખરી હુકમ મુજબ.

(૮) આ કામે ઉપરોકત મુદ્દાઓના તારણોના કારણો નીચે મુજબ છે.

<u>કારણો</u>

<u>મુદ્દા નંબર- (૧) :-</u>

(૮.૧)સદર કામે રેકર્ડ ઉપર રજુ પુરાવાઓની ચર્ચા કરતાં પહેલાં નામદાર સર્વોચ્ચ અદાલત ધ્વારા Sur Enamel And Stampingworks (P) Ltd vs Their Workmen

ના ચુકાદામાં નામદાર અદાલતે ૫ નિર્દેશો આપેલ છે તે અંગેની ચર્ચા કરવી ખૂબ જરૂરી છે. જે નીચે મુજબ છે.

"(i) the employee proceeded against has been informed clearly of the charges leveled against him, (ii) the witnesses are examined-ordinarily in the presence of the cemployee-in respect of the charges, (iii) the employee is given a fair opportunity to cross-examine witnesses, (iv) he is given a fair opportunity to examine witnesses including himself in his defence if he so wishes on any relevant matter, and (v) the enquiry officer records his findings with reasons for the same in his report."

(૮.૨)પ્રથમ નિર્દેશ ધ્યાને લેવામાં આવે તો, કામદારને તેના વિરૂધ્ધનાં આક્ષેપો અંગેની સ્પષ્ટપણે જાણ કરવામાં આવેલ છે કે કેમ? તે બાબતે રેકર્ડ ઉપર રજુ પુરાવાઓની ચર્ચા કરીએ તો, બીજા પક્ષકાર યાને કે કામદાર તેઓની આંક–૧૩ વાળી સરતપાસમાં સ્વીકારેલ છે કે, તા.૦૯/૦૨/૨૦૨૧૧ ના રોજ સામાવાળા દ્વારા હાલના અરજદારને સો–કોઝ નોટીસ આપવામાં આવેલ તથા ચાર્જસીટનો જવાબ આપવા માટે હાલના અરજદારે સામાવાળા પાસે ૧૦ દિવસની મુદત માંગેલ અને ત્યારબાદ તા.૨૧/૦૨/૨૦૧૧ ના રોજ જવાબ આપેલ. વધુમાં અરજદાર ઉલટ તપાસમાં સ્વીકારે છે કે, તા. ૨૫/૦૨/૨૦૧૧ ના રોજના પત્રથી અરજદારને ખાતાકીય તપાસની સામાવાળા દ્વારા રજીસ્ટર પોસ્ટથી જાણ કરવામાં આવેલ અને તે પત્ર મળયા બાદ અરજદારે તા.૧૧/૦૩/૨૦૧૧ ના રોજ સામાવાળા સંસ્થને પત્ર લખેલ. ત્યાર બાદ અરજદાર તેવુ પણ સ્વીકારે છે કે, તા. ૩૦/૧૨/૨૦૧૦ ના રોજ તેઓને સામાવાળા દ્વારા કારણદર્શક નોટીસ આપવામાં આવેલ અને તેનો જવાબ તેઓએ સામાવાળા ને તા. ૦૩/૦૧/૨૦૧૧ ના રોજ કરેલ અને ત્યારબાદ તા. ૩૧/૧૧/૨૦૧૧ ના રોજ સામાવાળા દ્વારા અરજદારને કારણદર્શક નોટીસ આપતા તેનો જવાબ અરજદારે તા.૦૮/૦૨/૨૦૧૧ ના રોજ સામાવાળાને આપેલ. તે હકીકત પરથી એ પૂરવાર થાય છે

કે બીજા પક્ષકાર યાને કે હાલના અરજદારને તેઓ વિરૂધ્ધ પ્રથમ પક્ષકાર યાને કે સામાવાળા ધ્વારા કરવામાં આવેલ આક્ષેપોથી સંપૂર્ણ રીતે માહિતગાર કરવામાં આવેલ.

(૮.૩)ત્યારબાદ નામદાર સર્વોચ્ચ અદાલતના ઉપરોકત ચુકાદાના બીજા નિર્દેશ કે, ઈન્કવાયરીનાં કામે સાક્ષીઓની જુબાની કામદાર સમક્ષ લેવામાં આવેલ હોવી જોઈએ તથા ત્રીજા નિર્દેશ કે કામદારને સાક્ષીઓની ઉલટ તપાસ કરવા માટે યોગ્ય તક મળેલ હોવી જોઈએ આંગે રેકર્ડ પર રજુ પુરાવાની ચર્ચા કરીએ તો અરજદાર તેઓની ઉલટ તપાસમાં સ્વીકારે છે કે, ખાતાકીય તપાસની તા. ૨૪/૦૨/૨૦૧૧ ના રોજ અરજદારને તારીખની જાણ હોવા છતા તેઓ ગેરહાજર રહેલ. ત્યારબાદ ખાતાકીય તાપસની તારીખ ૧૬/૦૩/૨૦૧૧ રાખવામાં આવેલ જેની જણ અરજદાને રજીસ્ટર પોસ્ટથી કરવામાં આવેલ અને તેમાં તેઓ હાજર રહેલ. પરંતય ત્યારબાદ અરજદાર જણાવે છે કે તેઓ તા.૧૬/૦૩/૨૦૧૧ ની ખાતાકીય તાપસની કાર્યવાહીમાં હાજર રહેલ નહી અને ગેર હાજરી અંગેનો કોઈ કારણ દર્શાવતો પત્ર અરજદારે સામાવાળા ને લખેલ ન હોવાનુ સ્વીકારે છે. ત્યારબાદ અરજદાર તેઓની ઉલટ તપાસમાં સ્વીકારે છે કે, તા. ૦૧/૦૪/૨૦૧૧, ૧૬/૦૪/૨૦૧૧, ૧૯/૦૪/૨૦૧૧, ૨૮/૦૪/૨૦૧૧, ૧૩/૦૫/૨૦૧૧ અને ૨૦/૦૬/૨૦૧૧ ના રોજની ખાતાકીય તાપસની તારીખની જાણ અરજદારને સામાવાળાએ કરેલ હોવા છતા અરજદાર ગેર હાજર રહેલ અને ગેર હાજરી અંગે કોઈ કારણ દર્શાવેલ નહી કે કોઈ પત્ર લખેલ નહી.

આ તબકકે સદર હકીકત લગત **નામદાર દિલ્હી હાઈકોર્ટના સીમેન્ટ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા લી. વિ. ડી.બી.માથુરના** ચુકાદાની ચર્ચા કરીએ તો તેમાં નામદાર અદાલતે ઠરાવેલ છે કે,

જો કામદારને ડીપાર્ટમેન્ટલ ઈન્કવાયરીમાં ભાગ લેવા માટે પૂરતી તક આપેલ હોય તેમ છતાં જો કામદાર હાજર ન રહે તો તે પછીથી તેવો બચાવ ન લઈ શકે કે કુદરતી ન્યાયના સિધ્ધાંતનું ઈન્કવાયરીમાં પાલન કરવામાં આવેલ નથી.

વધુમાં **નામદાર સર્વોચ્ચ અદાલતનાં સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા વિરૂધ્ધ નરેન્દ્રકુમાર પાંડેના** ચુકાદામાં સર્વોચ્ચ અદાલતે ઠરાવેલ છે કે,

<u>જેઓની વિરૂધ્ધ ઈન્કવાયરી ચાલતી હોય તે ઈન્કવાયરી ઓફીસરને ઈન્કવાયરીનાં માટે કો–ઓપરેટ ન કરે અને ગેરહાજર રહે અથવા તો ચાલુ ઈન્કવાયરીએ જતો રહે તેવા સંજોગોમાં કરવામાં આવેલ એકસપાર્ટી હુકમ યોગ્ય હુકમ રહેશે.</u>

ઉપરોકત બંને ચુકાદાઓને ધ્યાને લેવામાં આવે તો ઉપરોક્ત દર્શાવેલ ઉલટ તપાસને ધ્યાને લેતા અરજદાર સ્વેચ્છાએ ખાતાકીય તાપસની કામગીરી દરમયાન ગેર હાજર રહેલ છે તેથી ખાતાકીય તાપસની કાર્યવાહી અરજદારની ગેરહાજરીમાં અરજદારને તક આપ્યા વગર કરવામાં આવેલ હોવાનો અરજદારનો બચાવ તકવા પાત્ર જણાય આવતુ નથી. હાલનાં કામે પણ બીજા પક્ષકારને ઈન્કવાયરી ઓફીસર ધ્વારા પૂરતી તક આપેલ હોવા છતાં તેઓએ ઉલટ તપાસ માટે હાજર રહેલ ન હોવાનું બીજા પક્ષકારની ઉલટ તપાસ પરથી એ સ્પષ્ટપણે ફલિત થાય છે. તેવા સંજોગોમાં ઈન્કવાયરી ઓફીસર ધ્વારા ઉલટ તપાસ માટે બીજા પક્ષકારને પૂરતી તક આપેલ હોવાનું પૂરવાર થાય છે. તેવા સંજોગોમાં સર્વોચ્ચ અદાલતનો ઉપરોક્ત દર્શાવેલ ચુકાદાના બીજા તથા ત્રીજા નિર્દેશનો પાલન કરવામાં આવેલ હોવાનુ સ્પષ્ટપણે જણાય આવે છે.

(૮.૫) હવે સર્વોચ્ચ અદાલતના નિર્દેશો પૈકી ચોથા નિર્દેશ અંગેની ચર્ચા કરીએ તો, કામદાર જો ઈચ્છે તો તેનાં બચાવના સાહેદો કે પુરાવાઓ રજુ કરવા યોગ્ય તક આપવામાં આવેલ હોવી જોઈએ. સદર હકીકત લગત બીજા પક્ષકારની ઉલટ તપાસ અંગેની ચર્ચા કરીએ તો, તેઓ પોતાની ઉલટ તપાસમાં સ્વીકારે છે કે સામાવાળા દ્વારા તા. ૨૪/૦૨/૨૦૧૧ થી ૨૦/૦૬/૨૦૧૧ સુધી પત્રો લખીને ખાતાકીય તપાસમાં કુદરતી ન્યાયના સિધ્ધાંત મુજબ બચાવ કરવાની તક આપવામાં આવેલ તથા અરજદારને ખાતાકીય તપાસમાં પોતાનુ નિવેદન રજુ કરવા તથા બચાવ કરવા તક આપવામાં આવેલ. ઉપરોકત ઉલટ તપાસમાં બીજા પક્ષકારે જણાવેલ હકીકત ધ્યાને લેવામાં આવે તો બીજા પક્ષકારને તેઓનાં બચાવના પુરાવા કે સાહેદો રજુ કરવા ઈન્કવાયરી ઓફીસર ધ્વારા

યોગ્ય તક આપવામાં આવેલ છે પરંતુ બીજા પક્ષકારે સ્વેચ્છાએ તે તકને જતી કરેલ હોય તેવા સંજોગોમાં ઈન્કવાયરી ઓફીસર ધ્વારા સદર નિર્દેશોનું પણ પાલન કરેલ હોવાનું સ્પષ્ટપણે જણાય છે.

(૮.૬) હવે પાંચો અને આખરી નિર્દેશ અંગેની ચર્ચા કરીએ તો ઈન્કવાયરી ઓફીસરે તેઓનાં રીપોર્ટમાં જે કોઈપણ તારણો પર આવેલ હોય તે અંગેના કારણો દર્શાવેલ હોવા જોઈએ. હાલના કામે નિ.૧૧/૨ થી પ્રથમ પક્ષકારે ખાતાકીય તપાસ અધિકારીનાં તારણો અંગેનો રીપોર્ટ રજુ કરેલ છે જેને ધ્યાને લેતાં તેમાં ઈન્કવાયરી ઓફીસર ધ્વારા જણાવેલ તારણોના કારણો વ્યાજબી અને કારણ સહિત લખવામાં આવેલ હોવાનું સ્પષ્ટપણે જણાઈ આવે છે. સદર રીપોર્ટને વંચાણે લેવામાં આવે તો, તે રીપોર્ટમાં બીજા પક્ષકાર સામેના આક્ષેપો અને તેને ઈન્કવાયરીનાં કામે તપાસવામાં આવેલા સાહેદોનું સમર્થન રૂપ જુબાનીનો ટેકો મળતા ઈન્કવાયરી ઓફીસરે રીપોર્ટમાં દર્શાવેલ તારણો પર આવેલ હોવાનું સ્પષ્ટપણે જણાઈ આવે છે. તેવા સંજોગોમાં સદર પાંચમાં નિર્દેશનું પણ પાલન કરેલ હોવાનું સ્પષ્ટપણે જણાઈ આવે છે.

(૮.૭) આમ, બીજા પક્ષકારની ઉલટ તપાસ અને ખાતાકીય તપાસનું રેકર્ડ જોવામાં આવે તો એવું ફલિત થાય છે કે, બીજા પક્ષકારે જાતે પોતાના બચાવ પ્રતિનિધિ રાખેલ નથી અને ખાતાકીય તપાસની તમામ કાર્યવાહીમાં બીજા પક્ષકાર તારીખની જાણ હોવા છતા સ્વેચ્છાએ હાજર રહેલ નથી તેથી તેમને ઉલટ તપાસ કરવાની પણ તક જાતે જતો કરેલ છે અને તમામ કાર્યવાહીની નકલ બીજા પક્ષકારને આપવામાં આવેલી તથા બીજા પક્ષકારને પોતાના સાક્ષી રજુ કરવાની તક આપવામાં આવી હતી, તે તમામ હકીકતોને ધ્યાને રાખી પ્રથમ પક્ષકાર ધ્વારા બીજા પક્ષકારને સંપૂર્ણ બચાવની વ્યાજબી તક આપવામાં આવેલ છે. તે તમામ હકીકતોને ધ્યાને લઈ આ કામના બીજા પક્ષકાર કામદાર વિરૂધ્ધ પ્રથમ પક્ષકાર સંસ્થા ધ્વારા કરવામાં આવેલ ખાતાકીય તપાસમાં બીજા પક્ષકાર કામદારને કુદરતી ન્યાયનાં સિધ્ધાંતો મુજબ કાયદેસરની અને વ્યાજબી તક આપવામાં આવેલ છે અને ખાતાકીય તપાસની કાર્યવાહી કાયદેસરની અને વ્યાજબી

જણાઈ આવતી હોય, અત્રે ઉપસ્થિત કરવામાં આવેલ **મુદ્દા નંબર–૧** નો જવાબ **હકારમાં** આપી **મુદ્દા નંબર–૨** પરત્વે ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

–: <u>હુકમ :–</u>

(૧) પ્રથમ પક્ષકાર દ્વારા બીજા પક્ષકાર સામે કરવામાં આવેલી ખાતાકીય તપાસ કાયદેસરની અને કુદરતી ન્યાયના સિધ્ધાંત અનુસારની ઠરાવવામાં આવે છે.

(૨) ખર્ચ અંગે કોઈ હુકમ નથી.

સદર હુકમ આજ રોજ તારીખ ૧૯મી માહે નવેમ્બર સને ૨૦૨૪ ના રોજ ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

તારીખ: ૧૯/૧૧/૨૦૨૪
સ્થળ : ભરૂચ.

(આશીષ એસ. પાંડે)
પ્રમુખ અધિકારી,
મજુર અદાલત નં.–૨,
ભરૂચ
GJ01639

પટેલ: સ્ટેનોગ્રાફર